# Bachelor's Degree Programme (BDP)

Foundation Course in Gujarati (FGT-1)

*Assignment*
(For July-2024 and January-2025 sessions)

**Last Date of Submission of Assignment**
31st March, 2025 for July-2024 session and
30th September, 2025 for January-2025 session

ignou
THE PEOPLE'S UNIVERSITY

School of Humanities
Indira Gandhi National Open University
Maidan Garhi, New Delhi-110068

# Foundation Course in Gujarati

Assignment 2024-25

Course Code: FGT-01
Max. Marks: 100

પ્રશ્ન ૧ –નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. 15

૧. ગુલબ્બો અને અમૂલોના લગ્નજીવન વિષે વિસ્તૃત નોંધ લખો.

૨. 'ખાંડણિયામાં માથા રામ' પ્રકરણમાં પન્નાલાલ પટેલે દુષ્કાળની પરિસ્થિતિ કઈ રીતે વર્ણવી છે તેનો આલેખ તમારા શબ્દોમાં આપો.

3. 'વર્તમાનકાળના શિવ –વૃક્ષો'માં માનવ અને વનસ્પતિના સંબંધોની જે વિશેષતા રજૂ થઇ છે એના વિષે નોંધ લખો.

૪.વર્તમાનપત્રની ગુણવત્તા અને અને મૂલ્યોને ચર્ચા 'લોકધર્મી પત્રકારત્વ'પાઠમાં કઈ રીતે કરાઈ છે એની ચર્ચા કરો.

૫.અનુવાદકની સજ્જતા અને અનુવાદના મહત્વ વિષે લેખકના વિચારોનું વિશ્લેષણ કરો .

પ્રશ્ન ૨. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. 12

૧. દાંડીકૂચ કઈ રીતે સ્વતંત્ર સંગ્રામમાં મહત્વ ધરાવે છે એની ચર્ચા કરો.

૨. વ્યવહારજીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અને વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં ધર્મ અંગે સદૃષ્ટાંત નોંધ લખો.

3.સ્ત્રીનું મહિમામંડન લેખકે 'જક્ષણી' વાર્તામાં કેવા અભિગમથી કર્યું છે તેની ચર્ચા ઉદાહરણ સાથે કરો.

૪. ભાષાશિક્ષણની વર્તમાન પદ્ધતિમાં ફેરફાર કરવાની શી અનિવાર્યતા લેખક ઉપસાવી આપે છે તે 'આપણી ભાષાકીય સાધના' પાઠમાંથી તારવી દર્શાવો.

૫.લેખકે જેની કલ્પના કરી છે તે ગ્રામપંચાયતના અભિનવ સ્વરૂપનું વર્ણન કરી તેની ઉપયોગીતા ચર્ચો.

પ્રશ્ન 3.પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. 12

૧. 'ન ધરતા;તમારા વતી હું ધરીશ,પછી તો ખરું ને?"

૨. 'ધૂળ શા માટે ખાવી?'

3. 'આપણા લોકો માંગે તે અક્કલ વિનાનું માંગે'

૪. 'તારી મા આજે કેમ નથી આવી?'

પ્રશ્ન ૪.ટૂંકમાં જવાબ આપો. 08

૧.કાયદાકીય અધિકાર અને નૈતિક હક્ક વચ્ચેના મૂળભૂત ફરક અંગે સંક્ષિપ્તમાં નોંધ લખો.

૨. મિત્રધર્મ સાથે જોડાયેલી ત્રણ ભાવનાઓ વિષે નોંધ લખો.

૩. વિજ્ઞાનચાહકના આચાર અને વિચાર વચ્ચેના આંતરસંબંધની નોંધ લખો.

૪. નૈસર્ગિક પરિબળોને લીધે માનવસમાજમાં આવતી વિવિધતાની ચર્ચા કરો.

પ્રશ્ન ૫. યોગ્ય વિકલ્પ દ્વારા નીચેના વિધાનોની પૂર્તિ કરો. 08

૧.આપણે બહુ નબળાઈ દેખાડી અને ..

(અ)સાચે રસ્તેથી આપણે ઘણા દૂર નીકળી ગયા.

(બ)નબળા પડી ગયા.

(ક)દુબળા પડી ગયા.

૨.જગતમાં વિવિધતાઓ તો રહેશે...

(અ) કેટલીક વિવિધતાઓ કુદરત-નિર્મિત છે

(બ)શિક્ષા-દીક્ષાના ભેદો અનિવાર્ય છે.

(ક)કેન્દ્રીય સત્તા બળવાન હોવી જોઈએ

૩.એ દેવાલયો દેવોના નથી ,...,

(અ)માનવોના .

(બ)ઐશ્વર્યના છે.

(ક) ગામના છે.

૪.એક વ્યવસ્થાના ઘટકો તરીકે તેઓ ઉચ્ચારાય છે અને

(અ) બોલાય છે

(બ)ધ્વનિસંકેતો તરીકે ઓળખાય છે.

(ક) સ્ફોટક ધ્વનિ ગણાય છે.

૫.હક્કની સાથે ફરજ જોડાયેલી જ હોય છે ..

(અ)હક્ક એ માંગણી છે.

(બ)ફરજ વિના કેવળ સ્વતંત્ર રીતે હક્ક ટકી જ શકે નહી

(ક)હક્ક બંધારણ દ્વારા માન્ય છે.

પ્રશ્ન ૬.સૂચના મુજબ જવાબ લખો. 14

(અ) યોગ્ય વિકલ્પ વડે ખાલી જગ્યા પૂરો.

૧.મનુષ્યસમાજ રચવાની શરૂઆત ...થી થઇ

(ટોળી,સંસ્થા,વસાહત)

૨. આપણે ...રાજ્ય સ્વીકાર્યું છે.

(સ્વતંત્ર,દેશી,પંચાયતી)

3- અનુવાદ એ જગતના ....સંપર્કનું સાધન છે.

(સાંસ્કૃતિક,રોજિંદા,નિયમિત)

૪.હાઈડ્રોજનના એક અણુમાં .....હોય છે.

(પરમાણુ,નાઈટ્રોજન,ઓક્સીજન)

બ.નીચેના શબ્દોના અર્થ આપો.

૧.એકાંકી

૨.કડલાં

3.મહાજન

૪. સિગરામ

ક.નીચેના સમાસો ઓળખાવો

૧.સવારસાંજ

૨.સ્વરાજ્ય

ડ.નીચેના વાક્યો સામે ખરા કે ખોટાની નિશાની કરો.

૧.આપણા દિલની ક્રાંતિ થઇ ગઈ છે. □

૨. મૈત્રીસાધનામાં બાકીની બધી સાધના આવી જાય છે. □

પ્રશ્ન ૭(અ) અલંકારો ઓળખાવો. 07

૧. પંડની પેટીમાં પારસ છે પડેલો

૨. નાગરવેલીના જેવી નાજુકડી નાર

3. હૈયું જાણે હિમાલય

૪. ઘણ રે બોલે ને એરણ સાંભળે

(બ)નીચેમાંનાથી સાચા વિકલ્પ પર ખરાની નિશાની કરો.

૧. તો બિચારો વાણિયો ય શું કરે?

શકરી □ સુખદેવ □ દલુચંદ □

૨.ભગવંતની અને આપની કૃપા

વંજુલ ▢ સાવિત્રી ▢ કલ્યાણકામ ▢

૩.આ મુલક તમારા જેવાને સારુ નથી

ગાંધીજી▢ અબ્દુલ ગની શેઠ ▢ ઈસા શેઠ ▢

પ્રશ્ન ૮(અ)કહેવતો સમજાવો. 04

૧.ખાલી ચણો વાગે ઘણો

૨.મન હોય તો માળવે જવાય

૩.રોતી'તી ને પિયરિયાં મળ્યા

(બ)રુઢિપ્રયોગો અર્થ સાથે સમજાવો.

૧.કાન ફૂંકવા

૨.ધૂળ કાઢવી

૩. નાક રાખવું

પ્રશ્ન ૯ 10

(અ)કોરોનાના સમયમાં સ્વાસ્થ્યની કાળજી લેવા અંગે તમારા નાના ભાઈને પત્ર લખો.

(બ)પત્રકારિતા અને સામાજિક ઉત્તરદાયિત્વના આંતરસંબંધ વિષે નોંધ લખો.

પ્રશ્ન -૧૦.નીચેમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. 10

૧-લેખનરીતિમાં વાક્યરચના, અભિવ્યક્તિ અને શબ્દભંડોળનું મહત્વ.

૨-વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સમાજોન્નતિમાં એનું મહત્વ

૩.અલ્પપ્રાણ અને મહાપ્રાણ ધ્વનિઓની વિભાવના અને એનું મહત્વ.

૪.ગ્રામીણ જીવન,ઈતિહાસ અને સંસ્કૃતિમાં ચોરાની ભૂમિકા અને મહત્તા